| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૬/૦૨/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | : | ૧૬/૦૨/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૧ | ૨૨ |

सत्यमेव जयते

## વાગરાનાં મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. વાગરા.

**ફોજદારી કેસ નંબર : ૪૩/૨૦૨૬**
**આંક :– ૧૯**

**ફરીયાદી :** **શ્રી સરકાર,**
વાગરા પોલીસ સ્ટેશન,
તા. વાગરા, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :** **સતિષકુમાર સોમશેખરન પિલ્લઈ,**
ઉ. વ.– ૪૭, ધંધો – નોકરી,
હાલ રહે. સી–૭૦૨ નાયસા ક્રોસવીડ સિનોહ પેલેડીયમ
પાસે નવરચના ઈન્ટરનેશનલ સ્કુલ સામે ભાયલી વડોદરા,
મુળ રહે. કિલાપલ્લમ ગામ પોસ્ટ–વિલ્લુપુરી,
તા. કલકુલમ જિ. કન્યાકુમારી (તમીલનાડુ)

**ગુન્હો :** **બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૦૬(૧) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ**

| | | |
|---|---|---|
| // | ફરીયાદી તરફે વિ.એ.પી.પી.................... શ્રી જે. જી. વસાવા | // |
| // | આરોપી તરફે વિ.વ............................ શ્રી એસ. આર. ભટ્ટી | // |

## :: ચુકાદો ::

### (૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, તા. ૨૭/૧૦/૨૦૨૫ ના રોજ આ કામના ફરીયાદી તથા મરણજનાર યાત્રીક રોહિતકુમાર રાવલ તથા આ કામના આરોપી સતિષકુમાર પિલ્લઈનાએ પોતાની મહિન્દ્રા કંપનીની ફોર વ્હીલર ગાડી જેનો રજી. નં. જીજે–૧૬–ડીપી–૮૬૨૬ ની લઈ વડોદરાથી જી.એફ.એલ. કંપની અંભેટા ખાતે નોકરી પર જવા નીકળેલ તે વખતે સવારના નવેક વાગ્યે મુલેર ચોકડીથી દહેજ તરફ જવાના રોડ ઉપર ગોલાદરા ગામના પાટીયા પાસે વળાંક પાસે પહોંચતા આ કામના આરોપી ડ્રાઈવર સતિશકુમાર નાઓએ પોતાના કબજામાં ની ગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી ગાડીના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દઈ સદર ફોર વ્હીલર ગાડીને રોડની સાઈડમાં પલટી ખવડાવી પાણી ભરેલ કાંસમાં જતા ફરીયાદીને સામાન્ય ઈજાઓ તથા યાત્રીક રોહિતકુમાર રાવલનાનુ મોત નીપજાવી આરોપીએ બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કર્યાનો આરોપ છે.

### (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ વાગરા

પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં વાગરા પો.સ્ટે.ગુ.ર. નં. ૧૧૧૯૯૦૫૬૨૫૦૬૬૦/૨૦૨૫ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધની વાગરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

**(૩) કોર્ટ કાર્યવાહી :–**

આ કામે ત.ક.અધિકારીશ્રી દવારા આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિધ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા આરોપી સામે **આંક–૦૩** થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીનું સ્ટેટમેન્ટ અનુક્રમે **આંક–૦૪** થી મુજબ લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

ત્યારબાદ બન્ને પક્ષકારોએ **આંક–૦૭** થી સમાધાન પુરસીસ રજુ કરતાં, તે બન્ને પક્ષકારોને વાંચી સંભળાવી સમજાવવામાં આવતા અને બંને પક્ષકારોને તે કબુલ મંજુર

રાખતા સમાધાન પાત્ર ગુનામાં સમાધાન ગ્રાહ્ય રાખી આરોપીઓને તેમની સામેની બી.એન.એસ કલમ–૧૨૫(એ મુજબના ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ અને તે સિવાયના ગુનાઓ સમાધાન પાત્ર ન હોય તે માટે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

### મૌખીક પુરાવો

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી પ્રિયાંક કશ્યપકુમાર દલાલની જુબાની | ૦૮ |
| ૨ | સાહેદ રૂતાબેન યાત્રિકકુમાર રોહિતભાઈ રાવલની જુબાની | ૧૦ |
| ૩ | સાહેદ શૈલેષભાઈ ગજાનંદભાઈ શુકલની જુબાની | ૧૧ |

### દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૦૯ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું અસલ પંચનામું | ૧૨ |
| ૩ | મરણોત્તર પંચનામું અસલ | ૧૩ |
| ૪ | વર્ડવિઝાર્ડ એમેકસ હોસ્પીટલનું સર્ટીફીકેટ | ૧૪ |
| ૫ | પી.એમ.રીપોર્ટ | ૧૫ |
| ૬ | સ્થળ પરિક્ષણ અહેવાલ | ૧૬ |
| ૭ | અકસ્માત રીપોર્ટ ફોર્મ | ૧૭ |

આ સિવાય ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ રાખેલ નથી અને ફરીયાદપક્ષે તરફે **આંક–૧૮** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખતા તેનાં આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય તે સંજોગોમાં આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

**(૬) દલીલો :–**

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી જે. જી. વસાવા તથા આરોપી તરફે વિ. વ. શ્રી એસ.આર. ભટ્ટીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭)** આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**<u>મુદ્દા નં.૧</u>** :– શું ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭/૧૦/૨૦૨૫ ના રોજ આ કામના ફરીયાદી તથા મરણજનાર યાત્રીક રોહિતકુમાર રાવલ તથા આ કામના આરોપી સતિષકુમાર પિલ્લઈનાએ પોતાની

મહિન્દ્રા કંપનીની ફોર વ્હીલર ગાડી જેનો રજી. નં. જીજે–૧૬–ડીપી–૮૬૨૬ ની લઈ વડોદરાથી જી.એફ.એલ. કંપની અંભેટા ખાતે નોકરી પર જવા નીકળેલ તે વખતે સવારના નવેક વાગ્યે મુલેર ચોકડીથી દહેજ તરફ જવાના રોડ ઉપર ગોલાદરા ગામના પાટીયા પાસે વળાંક પાસે પહોંચતા આ કામના આરોપી ડ્રાઈવર સતિશકુમાર નાઓએ પોતાના કબજામાંની ગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી ગાડીના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દઈ સદર ફોર વ્હીલર ગાડીને રોડની સાઈડમાં પલટી ખવડાવી પાણી ભરેલ કાંસમાં જતા ફરીયાદીને સામાન્ય ઈજાઓ તથા યાત્રીક રોહિતકુમાર રાવલનાનુ મોત નીપજાવી આરોપીએ બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આરોપીએ કર્યો છે ?

**<u>મુદ્દા નં.૨</u>** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

## –: નિર્ણયો :–

**<u>મુદ્દા નં. ૧</u>** :– નકારમાં.

**<u>મુદ્દા નં. ૨</u>** :– આખરી હુકમ મુજબ

## -: કારણો :-

### મુદ્દા નં.૧

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ આ કામના ફરીયાદી પ્રિયાંક કશ્યપકુમાર દલાલને **આંક-૦૮** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ જી.એફ,એલ. કંપની અંભેટા ખાતે આસિસ્ટન્ટ જનરલ મેનેજર ટેકનીકલ સર્વીસ તરીકે નોકરી કરે છે અને તેઓની સાથે સતિષકુમાર પિલ્લાઇ તથા યત્રીક રાવલનાઓ પણ નોકરી કરતા હતા અને તેઓ નોકરી કરવા વડોદરાથી જી.એફ.એલ. કંપનીમા અપ-ડાઉન કરતા હતા. બનાવ તારીખ- ૨૭/૧૦/૨૦૨૫ ના રોજ સવારે નવેક વાગ્યાની આસપાસ બનેલો. બનાવના દિવસે તેઓ વડોદરા ભાયલી ખાતેથી સવારે સાડાસાતેક વાગ્યે તેઓ, સતિષકુમાર અને યાત્રીકભાઇ એ રીતેના સતીષભાઈની મહેન્દ્રા એકસ.યુ.વી.૩૦૦ ની લઈને નોકરી ઉપર આવવા માટે નીકળેલા તે વખતે આ ગાડી સતિષકુમાર ચલાવતા હતા અને તેઓ પાછળની સીટમા બેસેલ હતા અને યાત્રીકભાઇ સતિષભાઈની બાજુની સીટમા બેસેલા હતા અને તેઓ ગોલાદરા ગામના પાટિયા પાસે આમોદ-દહેજ રોડ ઉપર પહોંચતા વળાંક આવે છે તે જગ્યાએ આવતા વરસાદ ચાલુ હોય જેથી તેઓની ગાડી સ્લીપ થઇ ગયેલી અને રોડની સાઇડમાં ઉતરી ગયેલી અને તેઓની ગાડી પાણીથી ભરેલ ખાડામાં પલ્ટી ખાઇ ગયેલી અને ઉંધી વળી ગયેલી જેથી આ બનાવ બનતા તેઓ ગાડીમાથી પાછળના દરવાજેથી બહાર નીકળી ગયેલા અને ત્યારબાદ સતિષભાઇ ગાડીમા પાછળની સીટ ઉપર આવી ગયેલા અને યાત્રીકભાઈનું મોઢું પાણીમા ડુબે નહી તે

માટે પકડીને પાછળની સીટ ઉપર બેસેલા હતા અને તેઓએ રોડ ઉપર આવી મદદ મેળવવા લોકોને તેઓએ રોકવા પ્રયત્ન કરેલો અને ત્યારબાદ આજુ બાજુના લોકો આવી ગયેલા અને આગળનો દરવાજો ખુલતો ન હોય બળપુર્વક લોકોની મદદથી ખોલી કાઢી યાત્રીકભાઇનો સીટ બેલ્ટ કાઢી નાખી બહાર કાઢેલા અને સતિષભાઇ પણ ત્યારબાદ પાછળના દરવાજેથી બહાર નીકળેલા અને યાત્રીકભાઇને રોડ ઉપર લાવી સુવડાવેલા અને તેઓને શરીરે જોતા કોઇ દેખીતા ઇજાના નિશાન જણાયેલા નહી અને તેઓએ ૧૦૮ ને ફોન કરેલો સાથે સાથે તેઓની કંપનીમા પણ ફોન કરીને જાણ કરેલી હતી પરંતુ તેઓની કંપનીમાથી કે ૧૦૮ ની એમ્બુલન્સ આવતા સમય લાગતો હોય ત્યાથી એક ખાનગી ઇકો ગાડી નીકળતી હતી તેમા યાત્રીકભાઇને લઇ દહેજ તરફ જવા રવાના થયેલા અને રસ્તામા તેઓની કંપનીની એમ્બુલન્સ આવી જતા યાત્રીકભાઇને તેમા બેસાડી રહિયાદ ગામે એક હોસ્પીટલમા લઇ ગયેલા અને ત્યા ડોકટરે તપાસેલ તો યાત્રીકભાઇ મરણ ગયેલ હોવાનુ જણાવેલ. તેઓને આ બનાવમા સામાન્ય ઇજા થયેલી ત્યારબાદ યાત્રીકભાઇને અને તેમની સાથે સતિષભાઇને ગોત્રી હોસ્પીટલ વડોદરા ખાતે મોકલી આપેલ અને તેઓની કંપનીને તેઓએ જાણ કરેલ હોય આ બાબતે પોલીસ ફરીયાદ કરવા જણાવેલ જેથી તેઓએ આ બનાવ અંગે વાગરા પો.સ્ટે.મા ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદની નકલ બતાવવામા આવે છે જેમા ફરીયાદી તરીકે તેઓની સહી ઓળખી બતાવતા હોય, સદર ફરીયાદ આંક–૦૯ થી રજુ કરવામાં આવેલ છે. આરોપી સતિષભાઇને જોયેથી ઓળખે છે અને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ, તેઓ આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવ બન્યો તે સમયે ભરપૂર ચોમાસુ હતુ. ચોમાસાના કારણે રોડ ઉપર

આજુ બાજુ પાણી ભરાયેલા હતા અને કાદવ–કીચડ હતુ. બનાવ સમયે બનાવવાળી જગ્યા પર વળાંક હતો તથા ચોમાસાની સીજન હતી અને રોડની આજુ બાજુ પાણી ભરાયેલા હતા જેથી તેઓની ગાડી સામાન્ય અને ધીમી ગતિમા ચાલતી હતી. બનાવ બનતા આસપાસના લોકો ભેગા થઇ ગયેલા. સતિષભાઇએ યાત્રીકભાઇને ગાડીમાથી બહાર કાઢવા ધણા પ્રયત્નો કરેલા પરંતુ પાણીમા ગાડી પલ્ટી ખાયેલી હાલતમા ગાડીનો દરવાજો ફીટ થઇ ગયેલો હોય ખુલી શકે તેમ નહતો. ગાડી પાણીમા પલ્ટી ખાયેલી હાલતમા પડેલી હોય અને યાત્રીકભાઇએ સીટ બેલ્ટ બાંધેલો હોય જે સહેલાઇથી ખોલી શકાય તેમ નહતો. બનાવ સમયે રોડ ઉપર મોટા વાહનો તથા ખેતરોમાથી નીકળતા ટ્રેકટરો ના કારણે રોડ ઉપર કાદવ ફેલાયેલો હતો અને જેથી તેઓની ગાડી ધીમી ગતીએ હોવા છતા સ્લીપ ખાઇ પલ્ટી ગયેલી. આરોપી સાથે તેઓને તથા યાત્રીકભાઇના કુટુંબીજનોને ઘરમેળે સમાધાન કરેલ છે.

**(૧૦)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ રૂતાબેન યાત્રીકકુમાર રોહિતભાઈ રાવલને **આંક–૧૦** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, બનાવ તા.૨૭/૧૦/૨૦૨૫ રોજ બનેલો. બનાવના દિવસે તેઓના પતિ દહેજ જી.આઈ.ડી.સી.મા આવેલ જી.એફ.એલ. કંપનીમા અંભેટા ખાતે પોતાની નોકરી ઉપર જતા હતા તેઓ તેમની સાથેના નોકરી કરતા પ્રિયાંકભાઇ દલાલ તથા સતિષકુમાર પિલ્લાઇ સાથે મહેન્દ્રા કંપનીની ફોરવ્હીલ ગાડીમા સવારે ઘરેથી નીકળી દહેજ અંભેટા ખાતે કંપનીમા આવતા હતા તે વખતે ગોલાદરા ગામના પાટિયા નજીક ગાડી પલ્ટી ખાઇને અકસ્માત થયેલો જે અકસ્માતમા તેઓના પતિનુ

અવસાન થયેલુ. અકસ્માત થતા તેઓને તેમના પતિની કંપનીમાથી ફોન આવેલો અને આ બાબતે જાણ કરેલી ત્યારબાદ તેઓના પતિને ગોત્રી ખાતે બી.એ.પી.એસ.હોસ્પીટલમા લાવવાના હોય તેઓ તથા તેમના પિતા વિગેરે ગોત્રી ખાતે હોસ્પીટલમા ગયેલા જયા તેમના પતિને એમ્બુલન્સમા દહેજથી લાવેલા અને ફરજ પરના ડોકટરો તેમના પતિને તપાસીને તેઓને મરણ જાહેર કરેલા. તેઓને આ અકસ્માત બાબતે તેમના પતિની સાથે નોકરી કરતા સતિષભાઇ તથા પ્રિયાંકભાઇ મારફતે જાણવા મળેલ કે તેમના પતિ અને સતિષભાઇ તથા પ્રિયાંકભાઇ નોકરી ઉપર અંભેટા ખાતે કંપનીમા આવતા હતા ત્યારે આ મહિન્દ્રા ગાડી સતિષભાઇ ચલાવતા હતા અને ગોલાદરા ગામના પાટિયા પાસે મુલેરથી દહેજ જવાના રોડ ઉપર ગાડી રોડ પરથી રોડની સાઇડમા ઉતરી ગયેલ અને કાંસમા પડી ગયેલ અને કાંસમા પાણી ભરાયેલુ હોય ગાડીનો દરવાજો ખુલી શકેલ નહિ જેથી તેમના પતિને ગાડીમા અકસ્માતમા મૂઢ ઇજાઓ થયેલી અને પાણીના કારણે બહાર નહી નીકળી શકતા તેમનુ મૃત્યુ થયેલુ ત્યારબાદ તેમના પતિની લાશનુ પી.એમ. ગોત્રી હોસ્પીટલમા કરવામા આવેલુ ત્યારબાદ તેમની લાશ તેઓને સોંપતા તેઓના મૂળ વતન તેમના અંતિમ સંસ્કાર કરવામા આવેલા આ બનાવ અંગે પ્રિયાંકભાઇએ પોલીસમા ફરિયાદ કરેલી જે કામે પોલીસે તેઓનુ નિવેદન નોંધેલુ.

ત્યારબાદ, તેણી આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા જેથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓ ચોકકસ કહી શકે નહી. આરોપી સાથે તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલછે બનાવ સમયે વરસાદી સીઝન હતી.

**(૧૧)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ શૈલેષભાઈ ગજાનંદભાઈ શુકલને **આંક–૧૧** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓને બે સંતાનો છે જેમા બે દિકરીઓ છે જેમા મોટી દિકરી રૂતા છે તેના લગ્ન મહેસાણા જિલ્લાના વીસનગર ખાતે રહેતા યાત્રીક કુમાર રોહિતભાઇ રાવલ સાથે થયેલ છે અને તે તેના પતિ અને બાળકો સાથે ભાયલી વડોદરા ખાતે રહેતી હતી અને તેઓના જમાઇ યાત્રીકભાઇ દહેજ જી.આઈ.ડી.સી.મા આવેલ જી.એફ.એલ. કંપનીમા નોકરી કરતા હતા. તા. ૨૭/૧૦/૨૦૨૫ ના રોજ તેઓના જમાઇ અને તેમની સાથે નોકરી કરતા પ્રિયાંક દલાલ તથા સતિષ પિલ્લાઇ સાથે સતિષભાઇની ગાડીમા સવારે પોતાની નોકરી ઉપર દહેજ આવવા માટે નીકળેલા તે સમયે તેમની ગાડીને ગોલાદરા ગામના પાટિયા પાસે મુલેર–આમોદ રોડ ઉપર અકસ્માત થયેલો. જે અકસ્માતમા આ ગાડી રોડની સાઇડમા ઉતરી ગયેલી અને રોડની સાઇડમા કાંસમા ભરાયેલ પાણીમા પલ્ટી ખાઇ ગયેલી જેમા તેઓના જમાઇ યાત્રીકભાઇને મૂઢ ઇજાઓ થયેલી અને ગાડીમાથી બહાર નીકળી શકેલ નહી જેથી તેઓ આ બનાવમાં મરણ ગયેલા જે બનાવની જાણ કંપની દ્વારા ફોનથી તેમની દિકરીને કરવામાં આવેલી અને જાણ થતા તેમની દિકરી રૂતા સાથે તેઓ ગૌત્રી ખાતે હોસ્પીટલમાં ગયેલા જયા તેઓના જમાઇને એમ્બુલન્સમા લાવવામાં આવેલા અને ફરજ પરના ડોકટરે તેઓને તપાસીને મરણ જાહેર કરેલા. ત્યારબાદ તેમની લાશનુ પી.એમ. કરી લાશ સોંપતા તેમના વતન લઇ જઇ તેમના અંતિમ સંસ્કાર કરવામા આવેલ. આ બનાવ બાબતે તેઓને પ્રિયાંક દલાલ તથા સતિષ પિલ્લાઇ મારફતે જાણવા મળેલ કે તેઓના જમાઇ સાથે તેઓ સતિષભાઇને ગાડીમા નોકરી પર

આવતા હતા ત્યારે ગોલાદરા ગામના પાટિયા પાસે આ અકસ્માત થયેલો જેમા ગાડી કાંસમાં પલ્ટી ખાઈ જવાથી ગાડીનો દરવાજો ખુલી શકેલ નહી જેથી તેઓના જમાઈનુ મૃત્યુ થયેલુ. આ બનાવની પ્રિયાંક દલાલે ફરીયાદ આપેલી જે કામે પોલીસે તેઓનુ નિવેદન નોંધેલુ.

ત્યારબાદ તેઓ આરોપીના વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા જેથી બનાવ કેવીરીતે બનેલો તે તેઓ ચોક્કસ કહી શકે નહી. આરોપી સાથે તેઓને ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. બનાવ સમયે વરસાદી સીઝન હતી.

**(૧૨)** ઉપરોક્ત મુજબનાં રેકર્ડ ઉપરનાં પુરાવાની વિ.વ.શ્રીઓની દલીલ સાથે સૌ પ્રથમ ફરીયાદપક્ષે મુખ્યત્વે મોટર એકસીડન્ટનાં કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવિંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેનાં જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી ડ્રાઈવરે બેદરકારીથી અને ગફલતભરી રીતે પોતાનાં હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો. ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતનાં પુરાવાનાં અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટનાં આધાર ઉપર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવી શકાય નહી.

આ બાબતમાં નામ. ઓરીસ્સા વડી અદાલતને ૧૯૯૪ ક્રિમીનલ લો–જનરલ, પાનાં નં. ૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટનાં કેસનાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving – Offence under – Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgement, not sufficient – Accident resulting in death ailure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high shpped, not sufficient – Accused entitled for acquittal.

(B) વધુમાં એમ પણ ઠરાવેલ છે કે, "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :

- Rash and negligent driving or riding on a public way.
- The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

**(૧૩)** ઉપરોકત ગુનાહિત તત્વોને ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે ઉપરોકત

વિગતોએ ફરીયાદી તથા સાહેદોએ સોગંદ ઉપર જુબાની આપેલ છે તેનું ઝીણવટભરી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદીને આંક–૦૮ થી તપાસેલ છે, તેઓનો પુરાવો જોવામાં આવે તો, તેઓ વડોદરા ભાયલી ખાતેથી સવારે સાડાસાતેક વાગ્યે તેઓ, સતિષકુમાર અને યાત્રીકભાઇ એ રીતેના સતીષભાઇની મહેન્દ્રા એકસ.યુ.વી.૩૦૦ ની લઇને નોકરી ઉપર આવવા માટે નીકળેલા તે વખતે આ ગાડી સતિષકુમાર ચલાવતા હતા અને તેઓ પાછળની સીટમા બેસેલ હતા અને યાત્રીકભાઇ સતિષભાઇની બાજુની સીટમા બેસેલા હતા અને તેઓ ગોલાદરા ગામના પાટિયા પાસે આમોદ–દહેજ રોડ ઉપર પહોંચતા વળાંક આવે છે તે જગ્યાએ આવતા વરસાદ ચાલુ હોય જેથી તેઓની ગાડી સ્લીપ થઇ ગયેલી અને રોડની સાઇડમાં ઉતરી ગયેલી અને તેઓની ગાડી પાણીથી ભરેલ ખાડામાં પલ્ટી ખાઇ ગયેલી અને ઉંધી વળી ગયેલી જેથી આ બનાવ બનતા તેઓ ગાડીમાથી પાછળના દરવાજેથી બહાર નીકળી ગયેલા અને ત્યારબાદ સતિષભાઇ ગાડીમા પાછળની સીટ ઉપર આવી ગયેલા અને યાત્રીકભાઇનું મોઢું પાણીમા ડુબે નહી તે માટે પકડીને પાછળની સીટ ઉપર બેસેલા હતા અને તેઓએ રોડ ઉપર આવી મદદ મેળવવા લોકોને તેઓએ રોકવા પ્રયત્ન કરેલો અને ત્યારબાદ આજુ બાજુના લોકો આવી ગયેલા અને આગળનો દરવાજો ખુલતો ન હોય બળપુર્વક લોકોની મદદથી ખોલી કાઢી યાત્રીકભાઇનો સીટ બેલ્ટ કાઢી નાખી બહાર કાઢેલા અને સતિષભાઇ પણ ત્યારબાદ પાછળના દરવાજેથી બહાર નીકળેલા અને યાત્રીકભાઇને રોડ ઉપર લાવી સુવડાવેલા અને તેઓને શરીરે જોતા કોઇ દેખીતા ઇજાના નિશાન જણાયેલા નહી ત્યારબાદ તેઓને હોસ્પીટલમા લઇ ગયેલા અને ત્યા ડોકટરે તપાસેલ તો

ચાત્રીકભાઇ મરણ ગયેલ હોવાનુ જણાવેલ. તેવી હકિકત રેકર્ડ ઉપર આવેલ છે જયારે ફરીયાદી આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવ બન્યો તે સમયે ભરપૂર ચોમાસુ હતુ. ચોમાસાના કારણે રોડ ઉપર આજુ બાજુ પાણી ભરાચેલા હતા અને કાદવ–કીચડ હતુ. બનાવ સમયે બનાવવાળી જગ્યા પર વળાંક હતો તથા ચોમાસાની સીજન હતી અને રોડની આજુ બાજુ પાણી ભરાચેલા હતા જેથી તેઓની ગાડી સામાન્ય અને ધીમી ગતિમા ચાલતી હતી. બનાવ બનતા આસપાસના લોકો ભેગા થઇ ગયેલા. સતિષભાઇએ ચાત્રીકભાઇને ગાડીમાથી બહાર કાઢવા ઘણા પ્રચત્નો કરેલા પરંતુ પાણીમા ગાડી પલ્ટી ખાચેલી હાલતમા ગાડીનો દરવાજો ફીટ થઇ ગયેલો હોય ખુલી શકે તેમ નહતો. ગાડી પાણીમા પલ્ટી ખાચેલી હાલતમા પડેલી હોય અને ચાત્રીકભાઇએ સીટ બેલ્ટ બાંધેલો હોય જે સહેલાઇથી ખોલી શકાય તેમ નહતો. બનાવ સમયે રોડ ઉપર મોટા વાહનો તથા ખેતરોમાથી નીકળતા ટ્રેકટરો ના કારણે રોડ ઉપર કાદવ ફેલાયેલો હતો અને જેથી તેઓની ગાડી ધીમી ગતીએ હોવા છતા સ્લીપ ખાઇ પલ્ટી ગયેલી. તેથી સદર ફરીયાદીના પુરાવાથી અકસ્માત સમયે તેઓની ગાડી સામાન્ય અને ધીમી ગતીમાં ચાલતી હતી અને ચોમાસાને લીધે કીચડ થયેલ હોય અને જેના કારણે ગાડી પલ્ટી ખાઇ ગયેલ. આમ, ફરીયાદી જે બનાવ નજરે જોયેલ સાહેદ છે તેના પુરાવાથી ગાડીની ઝડપ સામાન્ય હોય અને કાદવ કીચડના કારણે ગાડી સ્લીપ થયેલ હોય જેથી આરોપીને સદર ગુના સાથે સાંકળી શકાય નહી. તેમજ ફરીયાદી વધુમાં કબુલ કરે છે કે, આરોપી સાથે તેઓને તથા ચાત્રીકભાઇના કુટુંબીજનોને ઘરમેળે સમાધાન કરેલ છે. વધુમાં આંક–૧૦ થી તપાસેલ સાહેદ જે મરણજનાર ચાત્રીકભાઇના પત્ની છે તેમનો પુરાવો જોવામાં આવે તો તેઓના પતિ દહેજ

અંભેટા ખાતે નોકરી માટે આવતા હતા ત્યારે ગોલાદરા ગામના પાટીયા નજીક ગાડી પલ્ટી ખાઇને અકસ્માત થયેલ અને તે અકસ્માતમાં તેઓના પતિનુ મૃત્યુ થયેલ હોવાની હકિકત જણાવે છે અને અકસ્માત બાબતની જાણ તેઓને ફરીયાદી અને આરોપી દવારા કરવામાં આવેલ. તેમજ તેઓ ફરીયાદી જેવો પુરાવો આપે છે. જયારે આરોપીના વિ.વ.શ્રી દવરા કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા જેથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓ ચોકકસ કહી શકે નહી. આરોપી સાથે તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલછે બનાવ સમયે વરસાદી સીઝન હતી.વધુમાં આંક–૧૧ થી તપાસેલ સાહેદ જે મરણજનાર યાત્રીકભાઇના સસરા થાય છે તેમનો પુરાવો જોવામા આવે તો બનાવ અંગે તેમની દિકરી એ જાણ કરેલ અને તેઓ પણ ઉપરોકત સાહેદ અને ફરીયાદી જેવો જ પુરાવો આપે છે જયારે આરોપીના વિ.વ.શ્રી દવરા કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા જેથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓ ચોકકસ કહી શકે નહી. આરોપી સાથે તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલછે બનાવ સમયે વરસાદી સીઝન હતી. આમ આંક–૧૦ અને આંક–૧૧ થી તપાસેલ સાહેદોના પુરાવાથી અકસ્માત થયેલ અને અકસ્માતમાં યાત્રીકભાઇનુ મોત થયેલ હોવાની હકિકત રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ સદર અકસ્માત આરોપીના બેદરકારીભર્યા ડ્રાઇવીંગ ને કારણે થયેલ કે કેમ ? તેમજ અકસ્માત સમયે સદર તે અકસ્માતમાં સંડોવાયેલ વાહનની ગતી શું હતી ? તેવી કોઇ જ હકિકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. તેમજ અકસ્માત સમયે વરસાદી સિઝન હોવાની હકિકત સાહેદોની ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ છે જેથી રસ્તા ઉપર કાદવ કિચડ હોવાને લીધે ગાડી સ્લીપ થઇ ખાડામા પડી ગયેલ અને તે અકસ્માતમાં

યાત્રીકભાઇનુ મરણ થયેલ હોવાની હકિકત માની શકાય. વધુમાં હાલનાં કામે બચાવપક્ષની સંમતિથી **આંક–૧૨** થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, **આંક–૧૩** થી મરણોત્તર પંચનામું, **આંક–૧૪** થી વર્ડવિઝાર્ડ એમેકસ હોસ્પીટલનું સર્ટીફીકેટ, **આંક–૧૫** થી મરણ જનાર યાત્રીકભાઈનો પી.એમ. રીપોર્ટ, **આંક–૧૬** થી સ્થળ પરીક્ષણ અહેવાલ, **આંક–૧૭** થી અકસ્માત રીપોર્ટ ફોર્મ પરંતુ તેની હકિકતો માની લેવામાં આવે તો પણ અકસ્માતમાં યાત્રીકભાઈનુ અવસાન થયેલ હોવાનું માની શકાય તેમ છે પણ સદર અકસ્માત આરોપીના ગફલતભર્યા અને બેદરકારીપુર્વક કરેલ ડ્રાઈવીંગથી થયેલ તે હકિકત જણાઈ આવતી નથી. તેમજ ફરીયાદી ના પુરાવાથી બનાવ સમયે રોડ ઉપર મોટા વાહનો તથા ખેતરોમાથી નીકળતા ટ્રેકટરો ના કારણે રોડ ઉપર કાદવ ફેલાયેલો હતો અને જેથી તેઓની ગાડી ધીમી ગતીએ હોવા છતા સ્લીપ ખાઇ પલ્ટી ગયેલી હોવાની હકિકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ, રેકર્ડ ઉપરનો તમામ પુરાવો એક સાથે જોવામાં આવે તો, બનાવ સમયે અને સ્થળે અકસ્માત થયેલાનું અને અકસ્માતમાં યાત્રીકભાઈનું અવસાન થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે, પરંતુ અકસ્માતમાં સંડોવાયેલ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારવાનાં કારણે અકસ્માત થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી.

**(૧૪)** આમ, ઉપરોકત કરેલ વિગતવાર ચર્ચા તથા જણાવેલ કારણોસર ફરીયાદપક્ષે હાલનાં ગુનાનાં કામે મુખ્ય આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી

તથા બનાવ સમયે, સ્થળે અને વિગતે હાલનાં આરોપીએ પોતાનાં કબજા ભોગવટાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારી, મરણજનારને ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવેલાની હકિકત શંકાથી પર પુરવાર થતી નથી અને ક્રિમિનલ જ્યુરીસપ્રુડન્સના પાયાનાં સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાના કેસની હકિકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય **મુદ્દા નં. ૧** નો જવાબ "**નકારમા**" ઠરાવી **મુદ્દા નં. ૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**(૧)** આ કામનાં આરોપી **સતિષકુમાર સોમશેખરન પિલ્લઈ,** હાલ રહે. સી-૭૦૨ નાયસા ક્રોસવીડ સિનોહ પેલેડીયમ પાસે નવરચના ઈન્ટરનેશનલ સ્કુલ સામે ભાયલી વડોદરા, મુળ રહે. કિલાપલ્લમ ગામ પોસ્ટ-વિલ્લુપુરી, તા. કલકુલમ જિ. કન્યાકુમારી (તમીલનાડુ) નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. કલમ-૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪,

મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** બી.એન.એસ.એસ. કલમ–૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચકરો અપીલના સમયે માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા. ૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર) નાં નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તા. : ૩૦ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૩૦/૦૩/૨૦૨૬ | **( આર. સી. સોઢાપરમાર )** |
| સ્થળ : વાગરા | એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, વાગરા, |
| | કોડ નં. જી.જે. ૦૧૧૫૮ |